# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત દેશભરમાં ઊજવણી

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2026 કોમનવેલ્થ ગેમ્સના મેડલ વિજેતાઓ સાથે મુલાકાત કરી

3) ભારતે બિન-અશ્મિભૂત ઇંધણ આધારિત વીજળી ઉત્પાદન ક્ષમતાના 300 ગીગાવોટને પાર કરી

4) JPSC અને JSSC પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ સામે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓની માંગણીઓ પર ઝારખંડ સરકાર સંમત

5) ભારતે, સ્કવોશ અને વેટ લિફ્ટિંગ ચેમ્પિયન શિપમાં રજત ચંદ્રક જીત્યો

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# HAR GHAR TIRANGA

નાગરિકોમાં દેશભક્તિની ભાવનાને પ્રોત્સાહન આપવા , રાષ્ટ્રીય એકતાને મજબૂત કરવા અને ભારતના સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન આપવા માટે હર ઘર તિરંગા અભિયાન દેશભરમાં ઉજવવામાં આવી રહ્યું છે.

## (બાઇટ – પીએમ મોદી, હર ઘર તિરંગા)

જમ્મુ અને કાશ્મીરમાં , તમામ 20 જિલ્લાઓમાં હર ઘર તિરંગા અભિયાન હેઠળ એક અઠવાડિયા સુધી ચાલનારા કાર્યક્રમો શ્રેણીબંધ રીતે 17 ઓગસ્ટ સુધી ચાલુ રહેશે.

દેશભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી મણિપુર ખાતે "હર ઘર તિરંગા" અભિયાનનું આયોજન દરમિયાન મુખ્યમંત્રી યુમનમ ખેમચંદે ઇમ્ફાલ પશ્ચિમ જિલ્લા હેઠળના સિંગજામેઈ ખાતેના તેમના નિવાસસ્થાનેથી અભિયાનમાં ભાગ લેતા લોકોને પહેલા પોતાને ભારતીય તરીકે ઓળખવા અને પછી મણિપુરી તરીકે ઓળખવા વિનંતી કરી.

આ વર્ષનું અભિયાન વિશેષ મહત્વ ધરાવે છે કારણ કે તે ભારતના રાષ્ટ્રીય ગીત, "વંદે માતરમ" ની 150મી વર્ષગાંઠ સાથે એકરુપ છે , જે રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતને દેશભક્તિની એક અનોખી ઉજવણીમાં એક કરે છે.

# PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 2026 કોમનવેલ્થ ગેમ્સના મેડલ વિજેતાઓ સાથે નવી દિલ્હી ખાતેના તેમના નિવાસસ્થાને મળ્યા અને વાતચીત કરી હતી.

## (બાઇટ: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

આ પ્રસંગે યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયા અને યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી રક્ષા નિખલી ખડસે હાજર રહ્યા હતા. 23 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન સ્કોટલેન્ડના ગ્લાસગોમાં આયોજિત ગેમ્સમાં ભારત મેડલ ટેબલ પર ચોથા સ્થાને રહ્યું. ભારતીય રમતવીરોએ વિવિધ રમતગમત શાખાઓમાં 13 સુવર્ણ, 17 રજત અને નવ કાંસ્ય ચંદ્રકો સહિત 39 ચંદ્રકો જીત્યા છે.

# ENERGY

ભારતે બિન-અશ્મિભૂત ઇંધણ આધારિત વીજળી ઉત્પાદન ક્ષમતાના 300 ગીગાવોટ ને પાર કરી દીધું છે.

ગયા મહિનાની 31મી તારીખે થયેલી આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ , 2030 માટે નિર્ધારિત 500 ગીગાવોટ ક્ષમતા લક્ષ્યાંકના 60 ટકાથી વધુ છે. નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે દેશની કુલ સ્થાપિત વીજળી ઉત્પાદન ક્ષમતામાં બિન-અશ્મિભૂત ઇંધણ આધારિત વીજળી ક્ષમતાનો હિસ્સો 54 ટકાથી વધુ પહોંચી ગયો છે.

સૌર ઉર્જા મુખ્ય વૃદ્ધિ એન્જિન છે , હાલમાં લગભગ 165 GW સ્થાપિત ક્ષમતા છે, જે 2014 માં ફક્ત 2.8 GW હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે , 2025-26 દરમિયાન, દેશમાં 55.29 GW નોન-ફોસિલ ઇંધણ આધારિત વીજળી ઉત્પાદન ક્ષમતાનો રેકોર્ડ ઉમેરવામાં આવ્યો હતો , જેમાં સૌર ઉર્જાથી 44.6 GW અને પવન ઉર્જાથી 6 GW નો મુખ્ય ફાળો હતો.

સ્વચ્છ ઉર્જા હવે ફક્ત આબોહવા અંગેની પ્રતિબદ્ધતા નથી , તે ભારતની ઔદ્યોગિક સ્પર્ધાત્મકતા , ઉર્જા સ્વતંત્રતા અને આર્થિક સ્થિતિસ્થાપકતાને આકાર આપવા માટે કેન્દ્રિય છે.

# PM AAVAS YOJNA

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે કહ્યું છે કે પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી (PMAY-U) અને PMAY-U 2.0 હેઠળ અત્યાર સુધીમાં એક કરોડ 25 લાખથી વધુ મકાનોને મંજૂરી આપવામાં આવી છે.

તેમાંથી, એક કરોડથી વધુ મકાનો પૂર્ણ કરી દેવામાં આવ્યા છે અને મહિલાઓને ફાળવવામાં આવેલા લગભગ એક કરોડ ઘર સાથે સમગ્ર દેશમાં લાભાર્થીઓને સોંપવામાં આવ્યા છે.

(બાઇટ: સૌમ્ય)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# US IRAN

અમેરિકી મધ્યસ્થ કમાન્ડ , સેન્ટકોમે જણાવ્યું છે કે અમેરિકન નૌકાદળના દળોએ ઈરાન સામે અમેરિકી નાકાબંધી લાગુ કરી છે જેથી ઈરાન પાસેથી પસાર થતાં 55 વાણિજ્યિક જહાજોને બીજા રસ્તે પસાર કર્યા છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં , સેન્ટકોમે જણાવ્યું હતું કે , નાકાબંધીના અમલીકરણ સહિત લશ્કરી મિશનને ટેકો આપવા માટે મધ્ય પૂર્વમાં 20 થી વધુ અમેરિકી યુદ્ધ જહાજ તૈનાત છે.

સેન્ટકોમે એમ પણ કહ્યું કે માનવતાવાદી સહાય વહન કરતા 30 થી વધુ જહાજોને નાકાબંધીમાંથી પસાર થવાની મંજૂરી આપવામાં આવી છે.

# JPSC & JSSC

ઝારખંડ સરકારે JPSC અને JSSC પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ સામે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓની મોટાભાગની માંગણીઓ પર સંમતિ સાધી છે.

રાજ્ય મંત્રી સુદિવ્ય કુમાર સોનુએ જણાવ્યું હતું કે , સરકાર 14મી JPSC પ્રિલિમિનરી પરીક્ષા અને 2023-25ની બેકલોગ પરીક્ષાઓ રદ કરવા માટે સંમત થઈ છે. રાજ્ય સરકાર અને વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ વચ્ચે આજે વાતચીત બાદ મીડિયા સાથે વાત કરતા મંત્રીએ આ વાત કહી હતી. તેમણે કહ્યું કે , સરકારે કથિત નાણાકીય ગેરરીતિઓની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તપાસ , ગુનાહિત પાસાઓની CID તપાસ અને 90 દિવસમાં ચાર્જશીટ દાખલ કરવા માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના માટે પણ સંમતિ દર્શાવી છે.

પરીક્ષા પ્રણાલીમાં સુધારાની ભલામણ કરવા માટે ધ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (ઇન્ડિયન સ્કૂલ ઓફ માઇન્સ) ધનબાદ , ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ-રાંચી અને XLRI ના પ્રતિનિધિઓની બનેલી એક નિષ્ણાત સમિતિની પણ રચના કરવામાં આવશે. જોકે , JSSC CGL પરીક્ષા રદ કરવા અને CBI તપાસ માટેની વિદ્યાર્થીઓની માંગણીઓ પર કોઈ સંમતિ સાધી શકાઈ નથી. વિદ્યાર્થીઓએ કહ્યું કે તેમનું આંદોલન ચાલુ રહેશે.

# JPSC & JSSC - 2

દરમિયાન, ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશનના ત્રણ વર્તમાન સભ્યો , ડૉ. અજિતા ભટ્ટાચાર્ય, ડૉ. જમીલ અહેમદ અને ડૉ. અનિમા હંસદાએ ગઈકાલે CID દ્વારા પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા બાદ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. ઝારખંડના રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવારે તેમના રાજીનામા સ્વીકારી લીધા છે.

# JHARKHAND-STUDENT

ઝારખંડ રાજ્યમાં ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ સામે બે અઠવાડિયાથી વધુ સમયથી વિદ્યાર્થીઓ વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ દ્વારા વિધાનસભા કુચને ધ્યાનમાં રાખીને ઝારખંડ પોલીસે વિધાનસભા પરિસરની આસપાસ ભેગા થવા પર પ્રતિબંધક આદેશ બહાર પાડયા છે અને રાંચીમાં વ્યાપક સુરક્ષા વ્યવસ્થા ઊભી કરાઇ છે .

# HUMAN WAY HELP

ભારતે તેની જાહેર આરોગ્ય સંભાળ ક્ષમતાના સમર્થનમાં જીવનરક્ષક અને આવશ્યક દવાઓનો 8 મેટ્રિક ટન સામગ્રી બોલિવિયાને મોકલ્યો છે.

વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે ભારત હંમેશા એકતા અને સહિયારી પ્રગતિ દ્વારા સહયોગને વધુ ગાઢ બનાવવા માટે ઉત્સુક છે.

# SQWVAS

સ્ક્વોશમાં, ભારતે ગઈકાલે મુંબઈમાં FISU વર્લ્ડ યુનિવર્સિટી ચેમ્પિયનશિપમાં ટીમ ઈવેન્ટમાં રજત ચંદ્રક મેળવ્યો છે.

ઓમ સેમવાલ, શમીના રિયાઝ, સૂરજ કુમાર ચંદ અને નિરુપમા દુબેની ભારતીય ટીમે રમતમાં 2-2 ના ડ્રો બાદ ,ચીન સામે ફાઇનલમાં હારી જતાં રજત ચંદ્રકથી સંતોષ માનવો પડ્યો. આ ચેમ્પિયનશિપમાં ટીમ ઈવેન્ટમાં ભારતનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું છે.

# WEIGHTLIFTTING

ભારતીય વેઇટલિફ્ટર મહારાજન અરુમુગા પંડિયને ઉઝબેકિસ્તાનના તાશ્કંદમાં એશિયન જુનિયર વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં પુરુષોની 65 કિલોગ્રામ કેટેગરીમાં રજત ચંદ્રક જીત્યો છે.

મહારાજને સ્નેચમાં 128 કિલોગ્રામ અને ક્લીન એન્ડ જર્કમાં 157 કિલોગ્રામ વજન ઉપાડીને 285 કિલોગ્રામ વજન ઉપાડવાનો વ્યક્તિગત શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો.

વિયેતનામના હોઆંગ થાચે કુલ 291 કિલોગ્રામ વજન ઉપાડીને સુવર્ણ ચંદ્રક જીત્યો, જે મહારાજનથી છ કિલોગ્રામ આગળ રહ્યો.

# IMD

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આજે પૂર્વ રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ મધ્ય પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદ માટે નારંગી રંગની ચેતવણી જારી કરી છે. હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, આસામ, મેઘાલય, પૂર્વ મધ્ય પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં ભારે વરસાદની આગાહી પણ કરી છે.

ઓડિસામાં ભારે વરસાદને પગલે જનજીવન ખોરવાયું છે

**(બાઇટ -પ્રકાશ દાસ)**

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના અખબારોમાં વિવિધ સમાચારોને મુખ્ય માથાળામાં સ્થાન અપાયું છે.
- ગુજરાત સમાચારની હેડ લાઇન છે.. ચીન પર પ્રચંડ ઝડપે ડોલ્ફિન ત્રાટક્યું : 10 લાખનું સ્થળાંતર
- નવગુજરાત સમય લખે છે.. સાંસદમાં મડાગાંઠ: મહત્વના બિલ અટવાયા
- સંદેશની હેડ લાઇન છે.. જો ખેલેગા-વો ખીલેગા : વડાપ્રધાન મોદી
- આ સાથે.. ભારત-રશિયાને રેલ માર્ગથી જોડવાનો પ્રસ્તાવ, પેલેસ્ટાઇનને દેશ નહિ બનવા દઉં : પીએમ નેતન્યાહૂ , સાઉદીની ઓઇલ રિફાઇનરી પર હુથીનો ડ્રોન હુમલો , 7 ના મોત જેવા સમાચારો વાંચવા મળી રહ્યા છે.
- સ્થાનિક સમાચારોમાં સિક્યોરીટી ગાર્ડ દ્વારા યુવતી પર ધાબામાં દુ ષ્કર્મ, ગાંધીનગરમાં દુ ષ્કર્મનો ભોગ બનેલી સગીરાનું મોત , ગુજરાતમાં એક મહિનામાં ભૂકંપના 7 આંચકા નોંધાયા જેવા સમાચારોને સ્થાન અપાયું છે